# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　તા. ૨૩-૧૦-૨૦૨૨

દરેક ગુજરાતી પરિવારો, નાગરિક ભાઈઓ -બહેનોને દિપાવલી પર્વની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા અને ટીમ કોંગ્રેસે જણાવ્યું હતું કે, ઊજાસનું આ પર્વ સમાજના દરેક વ્યક્તિઓ માટે ઉમંગનું અને ઉન્નતિનું પર્વ બને. દિપાવલીની દીપમાળા અંધકારથી પ્રકાશ તરફની ઉર્ધ્વગતિ અને સકારાત્મક દ્રષ્ટિકોણનું પર્વ છે. વિક્રમ સંવતનાં નૂતન વર્ષમાં સાથે મળીને ગુજરાતનાં તમામ નાગરિકોને શિક્ષણ - સ્વાસ્થ્ય - રોજગારનો અધિકાર મળે, એવો સંકલ્પ કરીએ.

ગુજરાત કોંગ્રેસ વર્ષોથી જનતાનાં કલ્યાણકારી અને સુખાકારી માટે કાર્યરત રહ્યું છે. માનનિય રાહુલ ગાંધીજીએ ગુજરાતમાં જનતાનાં દરેક ક્ષેત્રનાં મુદ્દાને જાણી અને સમજીને ગુજરાતનાં હિત માટે નિર્ણય લઈને વચનો આપ્યા છે જે કોંગ્રેસની સરકાર બનતા જ કાયદા બનશે જેનાથી ગુજરાતની જનતાને સીધા ફાયદા થશે.

- ગુજરાતનાં તમામ નાગરિકોને 10 લાખ સુધી મફત સારવાર અને વિનામૂલ્યે દવાઓ મળશે,
- ગુજરાતના તમામ ખેડૂતોનું 3 લાખ રૂપિયા સુધીનું દેવું માફ કરી દેવાશે
- દરેક ઘરને 300 યુનિટ વીજળી મફત મળશે.
- ગુજરાતનાં તમામ બેરોજગાર યુવાનો માટે 10 લાખ સરકારી નોકરીની ભરતી કરવામાં આવશે અને જ્યાં સુધી રોજગારી ન મળે ત્યાં સુધી બેરોજગાર યુવાનોને 3000 રૂપિયા બેરોજગારી ભથ્થું આપવામાં આવશે.
- મહિલાઓ માટે તમામ નોકરીઓમાં 50 ટકા અધિકાર રહેશે
- ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ સંપૂર્ણ નાબૂદ કરવામાં આવશે.
- દૂધ ઉત્પાદકોને પ્રત્યેક લીટર પર 5 રૂ.ની સબસીડી આપવામાં આવશે.
- ગુજરાતમાં દરેક ઘરની મોંઘવારી દૂર કરવા માટે 500 રૂ.માં રાંધણ ગેસનો બાટલો આપવામાં આવશે.
- છેલ્લા 27 વર્ષમાં થયેલા તમામ ભ્રષ્ટાચારો વિરૂદ્ધ કાયદો લાવીને તમામ ગુનેગારો અને ભ્રષ્ટાચારીઓને જેલમાં મોકલવામાં આવશે.
- દરેક ઘરનું બાળક શિક્ષીત બને તે માટે 3000 અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ બનાવવામાં આવશે.
- ગુજરાતની તમામ દીકરીઓ માટે KGથી PG સુધીની સંપૂર્ણ શિક્ષા મફત આપવામાં આવશે.
- કોરોના મહામારીનાં મૃતકના પરિવારજનોને 4 લાખ રૂપિયા વળતર આપવામાં આવશે.
- રાજ્યના વિવિધ વિભાગોમાં કામ કરતા કર્મચારીઓને સામાજીક સુરક્ષા માટે જુની પેન્શન યોજના લાગુ કરાશે. રાજ્યમાં કોન્ટ્રાક્ટ પ્રથા અને આઉટ સોર્સીંગની પ્રથા નાબૂદ કરાશે અને વિવિધ વિભાગોમાં કામ કરતા યુવક - યવતીઓને સન્માન સાથે વેતન અપાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા